


## સલામી સવારની..

*ખટપટી ખેંચમાં 'બેન' ની શક્તિ મપાઈ જાય!*
*સત્તાના પેચમાં પિતાનો પતંગ કપાઈ જાય છે!*
*અપાઈ જાય પાણીચું કદી 'સત્ય' બફાઈ જાય!*
*હાજીહા ન કરે તે કદ પ્રમાણે વેતરાઈ જાય!*

હાઈકુ

*જો આકાશમાં -*
*ટકી રહેવું હોય તો -*
*મારો ગૂલાંટ...*

*ચગ્વું હોય તો -*
*દોરી ખેંચાય તેમ -*
*મારો ઠૂમકા...*

## ચિંતન

*યદપિ જન્મ બભૂવ પયોનિધૌ નિવસનં જગતીપતિ મસ્તકે ।*
*તદપિ નાથ પરાકૃત કર્મણા પતતિ રાહુમુખે ખલુ ચંદ્રમાઃ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના 'નશીબનો મહિમા' નામના બીજા અધ્યાયનો આ શ્લોક છે :

'જો કે ચંદ્રમાનો જન્મ ક્ષીરસાગરમાંથી થયો છે, અને તેનું નિવાસસ્થાન જગતના પતિ મહાદેવના મસ્તક પર છે; છતાં પણ હે નાથ! તે ચંદ્રના પૂર્વ જન્મોના કર્મને પરિણામે તેને પણ રાહુના મુખનો કોળિયો થવું પડ્યું - આ કર્મનું ફળ-નશીબ નહીં તો બીજું શું?'

રામના પિતા (ભગવાન જેવા ભગવાનના બાપ) દશરથજીને પણ અંત સમયે પુત્ર વિરહમાં 'રિબાઈ'ને મૃત્યુ ભોગવવું પડ્યું એ પૂર્વજન્મમાં - એ જન્મના જ પૂર્વકાળમાં કરેલાં કર્મનો શાપ હતો. શ્રાવણના માતાપિતાનો અંતરથી આપેલો નિઃશ્વાસ હતો.

મોટા મોટા રાજવીઓ - નેતાઓ - અબજોપતિને પણ પોતાના કર્મનું ફળ ભોગવવું જ પડે છે. માટે કર્મો કરતાં પહેલાં હજારવાર વિચાર કરવો.

## સુવિચાર

- ગમે તેટલું નુકશાન થયું હોવા છતાં જે સ્વયંને બચાવી લે છે તે કશું જ ગુમાવતો નથી - **મિશેલ મોનેતેન**
- માણસ સંસારને જેટલો વધારે પીએ એટલો એને વધારે નશો ચડે છે - **રજનીશ**
- કોઈ એવી સ્મૃતિ નથી કે જેને સમય ભૂલાવી ન દે અને કોઈ એવું દુઃખ નથી કે જેને મૃત્યુ સમાપ્ત ન કરી શકે - **જનકલ્યાણ**
- ઋતુ વગરની મોજ મજા હંમેશા દુઃખમાં પરિણમે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સત્ય અને અસત્યની બાબતમાં મેં મારા મનને જ સાક્ષી બનાવ્યું છે, બહુમતને સ્વીકાર્યો નથી - **તુકારામ**
- સત્યની ઈમારતને માત્ર એક જ બારણું છે, તે છે 'અનુભવ' - **જેરેમી ટેલર**
- આજનું ઔષધ : ભોંય પથારી જે કરે, લોઢી ઢેબર ખાય, તુંબે પાણી જે પીએ તે ઘેર વૈદ્ય ન જાય

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આપણે મંદિર-મસ્જિદ, પર્વતો પર નદી-કાંઠે-ટ્રેન-વિમાનમાં યાત્રાઓ કરીએ છીએ અને ઈશ્વર દર્શન માટે પૈસે-ટકે કયારેક જીવનથી હારી જઈએ છીએ. પણ ઈશ્વર આપણા મન હૃદયમાં જ બેઠો છે ત્યાં શોધતા નથી.

એક પદયાત્રી સોનામહોર સાથે યાત્રા કરવા નિકળ્યો. બાતમી મળતા એક ઠગ પણ મૈત્રી બાંધી તેની સાથે થઈ ગયો. આખો દિવસ ઠગે પેલા યાત્રીનું નિરીક્ષણ કર્યું કે 'સોનામહોર' રાખી છે કયાં.

રાત્રે સૂવાનો ટાઈમ થયો. ઠગે યાત્રીને ઘેનવાળાં બિસ્કીટ ચા ખવડાવી દીધાં. બંને સૂઈ ગયો. ઠગ ડોળ કરી જાગતો પડ્યો રહ્યો. અર્ધી રાત્રે ઉઠ્યો અને ઠગે બધો જ સામાન ફેંદી નાખ્યો પણ 'સોનામહોર' મળી જ નંઈ... થાકી હારી એ પણ સૂઈ ગયો.

સવારે બંને છૂટા પડ્યા હતા ત્યારે ઠગે યાત્રીને કહ્યું, ભાઈ મારી બાતમી ખોટી ન હોય તારી પાસે સોનામહોર હતી. તું હવે નિર્ભય છો પણ એટલું કહેતો જા કે આખી રાત સોનામહોર સંતાડી કયાં હતી?


યાત્રીએ સ્મિત સાથે કહ્યું, 'આપણે જેમ ભગવાનને બહાર શોધીએ છીએ પણ અંદર જોતા નથી એમ સોનામહોર મેં તારાં ઓશિકાં નીચે જ રાખી હતી. હું જાણતો હતો - તું ત્યાં જોવાનો નથી!'

# મકરસંક્રાતિ પર્વનો મહિમા

તંત્રીસ્થાનેથી...

ઉત્તરાયણનો સીધો અર્થ છે સૂર્યની ઉત્તર દિશા તરફની ગતિ. શિયાળામાં સૂર્ય ખસતો ખસતો છેક દક્ષિણ-પૂર્વમાં ઊગતો હોય એવું દેખાય છે. વાસ્તવિકતા તો એ છે કે સૂર્ય ફરતો નથી; પૃથ્વી જ ફરે છે. વળી એની ધરી ત્રાંસી છે. તેથી વિવિધ નક્ષત્રો સાથે સરજાતી બ્રહ્માંડલીલા આપણા ઋષિમુનિઓથી લઈ આધુનિક ખગોળશાસ્ત્રીઓ માટે કોયડારૂપ રહી છે. સૂર્યનું મકર રાશિમાં ભ્રમણ શરું થાય તેને મકરસંક્રાતિ જેવું રૂપકડું નામ મળ્યું. આ મકરસંક્રાતિ આમ તો ૨૧ ડિસેમ્બર પછી શરૂ થઈ જાય છે, પરંતુ ૧૪ જાન્યુઆરીના દિવસે તો નિશ્ચિત પણે સૂર્ય મકર રાશિમાં જ હોય છે. ઉત્સવ ભારતનો, પરંતુ ઉજવાતો રહ્યો છે અંગ્રેજી તારીખ મુજબ. આ જ મજા છે આપણા સૌર પંચાગની, જે ગ્રેગરિયન કેલેન્ડર સાથે તાલ મેળવીને એની પ્રભાવકતા પુરવાર કરે છે. ઉત્તરાયણ કે મકર સંક્રાતિને વર્ષના સૌથી પવિત્ર દિવસો પૈકીનો એક માની શુભારંભ માટેનું વણજોયું મુહૂર્ત માની લેવાયું છે. આખરે સૂર્ય બ્રહ્માંનો પિતા છે, રાજા છે. એના માનમાં સૃષ્ટિ એની સંક્રાન્તિનો મહિમા કરે તે યોગ્ય જ લેખાશે. સૂર્યોત્સવની આ જુગજૂની પરંપરા સાથે પ્રજાને પોતાના આનંદના ઉપક્રમો જોડી દઈ એનો પતંગોત્સવમાં ફેરવી દીધો છે. આજે માનવીની કલ્પના અને સંવેદના ઊર્ધ્વગામી બની આકાશ આંબે છે. પતંગ એ આપણી ઊર્ધ્વ ચેતનાનું પ્રતિક છે. પરંતુ એ પતંગ નિર્દોષ પંખીઓથી લઈ એની મજા માણનારાંઓ માટે કયારેક માતમનો મેસેજ બની રહે છે ત્યારે ઉત્તરાયણ ગોઝારી બની જાય છે. આપણે આવા પવિત્ર ઉત્સવને એવી લોહિયાળ ટીલી ન લાગવા દઈએ અને સંયમપૂર્વક તથા સમજણપૂર્વક પતંગોત્સવની મોજ માણતાં શીખીએ તે જરૂરી છે. પતંગ એ દાંડિયા જેવી જ ગુજરાતી ઓળખ બની ગયેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત રાજયમાં એમના કાર્યકાળ દરમિયાન આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો મહિમા વધાર્યો અને હવે તો પતંગ મહોત્સવ દુનિયાભરમાં ગુજરાતની નવરાત્રી જેવો જ લોકપ્રિય 'ફેસ્ટિવલ' બની રહેલ છે. મહાભારતના ભીષ્મ પિતામહે દેહત્યાગ કરવા માટે મકરસંક્રાતિના શુભ મુહૂર્તની રાહ જોતાં જોતાં બાણશૈયા પર સૂઈ રહેવાનું પસંદ કર્યુ હતું. ગુજરાતમાં મકરસંક્રાતિના દિવસે તલના લાડુ અને ઊંધિયાની લિજ્જત માણવાનો રિવાજ છે. આજે ગાયોને ઘાસ નીરવામાં આવે છે. આ ફક્ત પર્વ નથી, પુણ્યોત્સવ છે. આસામમાં બિહુ અને દક્ષિણ ભારતમાં પોંગલ જેવા ઉત્સવો ઊજવાય છે. સૂર્યદેવની મહત્તાનું આ પર્વ ભારતીય સંસ્કૃતિની યશકલગીસમું છે. ૐ સૂર્યાય નમ :। સૌને સંક્રાન્તિ મુબારક.

# ખુદ ગાંધીને ય ગુસ્સો તો આવતો પણ લાગણીઓને કાબુમાં રાખતા!




**અહિંસાના પ્રયોગવીરની હરિજનબંધુમાં કૅફિયત**

અહિંસાને જીવનમંત્ર બનાવનાર સંયમી સારથિ મહાત્મા ગાંધીને કોઈ દિવસ કોઈ મુદ્દે ગુસ્સો આવ્યો હશે ? - આવો સવાલ કોઈ જીજ્ઞાસુને થાય એ સ્વાભાવિક છે. પણ ગાંધી વિશેનો સવાલ છે એનો જવાબ ગાંધીએ જ આપ્યો છે. જરા જુદી રીતે અને જુદા શબ્દોમાં ગાંધી આનો જવાબ આપે છે. ગાંધીજી હરિજન બંધુના ૧૩ જુલાઈ ૧૯૪૭ના અંકમાં લખે છે : "દાખલા તરીકે મને કદી ગુસ્સો નથી થતો એમ નથી પરંતુ લગભગ દરેક વખતે હું મારી લાગણીઓને મારા કાબુમાં રાખી શકું છું. પરિણામ ગમે તે ... વિચારપૂર્વક સતત પાલન કરવા માટે મારા મનમાં હંમે... આંતરિક યુદ્ધને પરિણામે માણસ દિવસે દિવસે સબળ... નિયમને હું વધુ ને વધુ અજમાવતો જાઉં છું. તેમ તેમ મ... રચનામાં વધુ ને વધુ આનંદ મળતો જાય છે. ગાંધી વધુમાં... છે અને કુદરતનાં રહસ્યોનો અર્થ સમજાય છે તેનું વર્ણન ...

ગાંધી માત્ર વ્યક્તિ કે વ્યક્તિત્વની વાત કરનાર ન હ... કહે છે કે વ્યક્તિઓની જેમ રાષ્ટ્રો પણ આકરી કસોટીની તાવ... કોઈ રીતે નહીં. બીજાઓને પીડા કરવા થકી નહીં, પણ સ્વેચ્છાએ પીડા સહેવા થકી આનંદ અનુભવી શકાય છે.

ગાંધી આગળ વર્ણવે છે : 'અનેક પેગંબરો ને અવતારો થયા તોંએ પણ ઓછાવત્તા પ્રમાણમાં એકલી અહિંસા પ્રવર્તાતી. કોઈએ હિંસા પ્રવર્તાવવાનો દાવો નથી કર્યો. કરે પણ કેમ? હિંસાને પ્રવર્તાવવાપણું નથી. પશુરૂપે મનુષ્ય હિંસક છે જ, આત્મારૂપે જ અહિંસક છે. આત્માનું ભાન થયે એ હિંસક રહી ન શખે. એ કાં તો અહિંસા ભણી જાય અથવા નાશ પામે. તેથી પેગંબરો ને અવતારોએ સત્ય, સંપ, ભ્રાતૃભાવ, સંયમ, ન્યાય ઈત્યાદિ શીખવ્યાં. આમ સમજાવતાં ગાંધી મનુષ્યને આત્માનો અવાજ સાંભળવા કહે છે.'

તેઓ દાવો કરે છે કે આજનું સમાજબંધન બુદ્ધિપૂર્વક અહિંસાના સ્વીકાર પર ઘડાયેલું નથી છતાં, આજેયે આખી દુનિયામાં મનુષ્યો પોતાના જાન અને માલનો ઉપભોગ એકબીજાની અનુમતિથી કરે છે. જો તેમ ન થતું હોત તો મૂઠીભર અત્યંત હિંસ્ર માણસો જીવતા હોત. પણ એ સ્થિતિ નથી. કુટુંબો પરસ્પર પ્રેમના સૂત્રથી બંધાયેલાં હોય છે, અને તેમ જ સુધરેલા કહેવાતા સમાજોના માનવસમૂહો - રાષ્ટ્રો - પણ. માત્ર તેઓ અહિંસાના કાયદાનું સાર્વભૌમપણું પિછાનતાં નથી. પરિણામે અહિંસાની અંતર્હિત શક્તિઓની તેઓએ શોધ પણ કરી નથી. એમ કહેવું જોઈએ કે આજ સુધી આપણે કેળવ જડપણે એમ ગૃહીત કરી દીધું છે કે જે થોડી વ્યક્તિઓ અપરિગ્રહ તથા બીજા તેની સાથે સંકળાયેલાં વ્રતો પાળતી હોય તેમને માટે જ સંપૂર્ણ અહિંસા શક્ય છે. જો કે એ વાત સાચી છે કે એકલા અહિંસાના શુદ્ધ ઉપાસકો એમાં શોધખોળ કરી શકે અને તેની અંતર્હિત શક્તિઓના વખતોવખત નવા નવા પ્રયોગો બતાવી શકે; છતાં, અહિંસા મનુષ્યોને લાગુ પડનારો એક સનાતન કાયદો હોય તો તે બધાને સરખો લાગુ પડનારો હોવો જોઈએ. જે અનેક નિષ્ફળતાઓ આપણે જોઈએ છીએ તે એ કાયદાની નહીં, પણ તેના અનુયાયીઓની છે. કારણ કે અનુયાયીમાંથી ઘણા તો જાણતા પણ નથી કે ખુશીના ખુશીથીએ તેઓ તેને અધીન હોય જ.

ગાંધી એક વધુ દાખલાં ટાકતાં સમજાવે છે કે મા જયારે બાળક માટે જીવ આપી દે છે ત્યારે એ અજાણ્યે મહિંસાના કાયદાને વશ થાય છે. છેલ્લા પચાસ વર્ષથી હું એ કાયદાનો જાણપૂર્વક સ્વીકાર કરવાની અને નિષ્ફળ થવાય તોયે ખંતપૂર્વક તેનો અમલ કરવાની હિમાયત કરી રહ્યો છું. પચાસ વર્ષના તેના પ્રયોગે અદ્ભૂત પરિણામો નિપજાવ્યા છે અને મારી શ્રદ્ધાને મજબૂત કરી છે. મારો નિશ્ચયપૂર્વક દાવો છે કે તેના અખંડ વ્યવહારથી આપણે એવી સ્થિતિએ પહોંચી શકીશું કે જયારે ન્યાય રીતે મિલકત ધરાવનાર માણસના કબજાભોગવટાને એકેએક જણ રાજીખુશીથી માન આપશે. એ વાત સાચી છે કે પરિગ્રહ નિર્દોષપણે થયેલો હોવો જોઈએ. જે વિષમતાઓ આપણી ચારેબાજુ આજે ફેલાયેલી છે તેનો ઘમંડ દેખાડનારો એ પરિગ્રહ ન હોવો જોઈએ. તેની સાથે સાથે અન્યાયી અને ગેરકાયદેસર પરિગ્રહના પ્રશ્નથીયે અહિંસાના ઉપાસકે નાસીપાસ થવાનું નથી. કારણ કે એની પાસે સત્યાગ્રહનું અહિંસક હથિયાર અને અસરકાર તો પડેલાં જ છે. જયાં જયાં તેનો પ્રામાણિક રીતે અને પૂરતી માત્રામાં ઉપયોગ કરવામાં આવ્યો હોય ત્યાં તેણે હિંસાનું સ્થાન લઈ પૂરેપુરું કામ આપ્યું છે. અહિંસાનું પૂરું શાસ્ત્ર બતાવવાનો દાવ મેં કદી - કર્યો નથી. એ રીતે એનું વિવેચન થઈ શકતું જ નથી. હું ધારું છું ત્યારે કોઈ ભૌતિક શાસ્ત્ર - ગણિતના જેવું અત્યંત ચોક્કસ શાસ્ત્ર પણ - અણિશુદ્ધ રચી શકાયું નથી. હું તે અહિંસાનો શોધક માત્ર છું. એમ કહેવાનું બાપુ ચૂકતા નથી.

વિશેષ વાંચન : 'આપણે સૌ એક પિતાના સંતાન' નવજીવન પ્રકાશન, અમદાવાદ

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# ચરિત્ર નિબંધના ઉત્તમ કસબી : સ્વામી આનંદ




લગભગ ૧૧ વર્ષ બાદ સ્વામી આનંદ પોતાના વૃધ્ધ તથા બીમાર માતાને મળવા પોતાના વતનના ગામડાના ઘરમાં પ્રવેશ કરે છે. માતાને વચન આપેલું છે તેથી માતાના જીવનના સંધ્યાકાળે આ સન્યાસી પુત્ર માને મળવા આવે છે. ફળિયામાં થોડા ડગલાં માંડ્યા ન માંડ્યા ત્યાંજ પથારીમાં પડેલા માતાએ સન્યાસી થઈ ગયેલા દિકરાને નામ દઈને બૂમ પાડી. આશ્ચર્ય પામીને સ્વામીએ માને પૂછ્યું કે તેમણે કેવી રીતે નક્કી કર્યું કે આવનાર વ્યક્તિ તેમનો દિકરોજ છે. મા જવાબ આપે છે : " કેમ ન ઓળખું ? મારા હૈયામાં તો તુંહિ તુંહિ નો જાપ ચાલે છે ! માને માટે બીજો કોઈ પ્રભુ થોડો હોય છે ? પ્રભુ પણ મારા પુત્રરૂપે આવીને ઊભો રહે તોજ ઓળખું. નહિ તો સામું યે ન જોઉ ! "

આવી અનેક હૃદયસ્પર્શી વાતો લખીને સ્વામીદાદા આપણાં ગદ્ય સાહિત્યને રળિયાત કરતા ગયા છે. સ્વામી આનંદની ગદ્ય લેખન શક્તિ આજે પણ અહોભાવ ઉપજે તેવી સમર્થ અને સત્વશીલ છે. શ્રી મૂળશંકર મો. ભટ્ટ સ્વામીના ગદ્યનો પરિચય આપતા લખે છે તે આ બાબતની પ્રતિતિ કરાવે છે.

"સ્વામીએ લખવા ખાતર કે ગદ્યકળાને રમાડવા ખાતર તો કદી લખ્યું નથી. આસેતુ હિમાલય પરિવ્રાજકને તથા દેવતાત્મા હિમાલયના ઘાયલને તેમજ સંતોના ચરણોના પ્યાસીને ધરતીના અનેક રત્નો જડી આવ્યા છે. આવા માનવ રત્નોની તેમણે ભરપૂર શ્રધ્ધા તથા ભક્તિભાવથી વાણીના માધ્યમથી આરતી ઉતારી છે. સ્વામીના ગદ્યમાં ગતિ છે, આકાર છે, ચેતના અને કળા છે."

"સ્વામી આનંદ એટલે નરવા ઉદ્ગારોનો ફૂવારો" એવું શ્રી વાડીલાલ ડગલીનું વિધાન સ્વામી આનંદના ગદ્યને સુયોગ્ય રીતે બીરદાવે છે. મહાદેવ દેસાઈથી ઉંમરમાં ત્રણચાર વર્ષ મોટા અને મહાદેવભાઈના પિતરાઈ ભાઈ છોટુભાઈ દેસાઈ માટે "મહાદેવથી મોટેરા" નું વિશેષણ વાપરી સ્વામી આનંદ તેમનું શબ્દચિત્ર રજૂ કરે છે :

" બન્ને ભાઈ (છોટુભાઈ અને મહાદેવભાઈ) સાથે ઊછરેલા અને ભણેલા. આમ છતાં બન્નેના સ્વભાવ અને વ્યક્તિત્વ બહુ જુદા. એક મોગલ ગાર્ડનનું ગુલાબ અને બીજો ઉનઈ જંગલનો વાંસ. એક તાજમહાલનું શિલ્પ, બીજા દખ્ખણના ગોમટેશ્વર. એક ઢાકાની શબનમ, બીજા ઘાટીની ઘોંગડી – ઓઢનાર તથા પાથરનારને ખૂંચે પરંતુ ટાઢ, શરદી અને વરસાદ – વાવાઝોડામાં કીમતી શાલદુશાલા હવાઈ જાય ત્યારે એ કાળી ઘોંગડી મીઠી હૂંફ આપીને ન્યુમોનિયાથી બચાવી લે. " ભીલ – આદિવાસીઓ પરના જુલમ સામે હમેશા છાતી કાઢીને સંઘર્ષ વહોરી લેનાર છોટુભાઈ દેસાઈની સ્વામી આનંદે લખેલી કથા વાંચીને નતમસ્તક થઈ જવાય તેવું છે.

સ્વામી આનંદનું મૂળ નામ હિંમતલાલ રામચન્દ્ર દવે. સુરેન્દ્રનગર જિલ્લાના શિયાણી ગામે તેમનો જન્મ ૧૮૮૭ માં થયો. ૨૪મી જાન્યુઆરી-૧૯૭૬ના રોજ તેઓ આ ફાની દુનિયા છોડીને ગયા. જાન્યુઆરીમાં આ વીર અને કર્મઠ સન્યાસીની વિશેષ સ્મૃતિ થાય છે. સ્વામીદાદાએ ૧૯૦૧ માં રામકૃષ્ણ મિશનમાં સન્યાસીની દીક્ષા લીધી. આપણાં ઈતિહાસમાં અને સાહિત્યમાંજ નહિ પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં સાધુ – સન્યાસીઓનો એક વિશેષ પ્રભાવ છે. ભારતનો અસલી પિંડ આ સતત વિચરણ કરનાર સાધુ – સન્યાસીઓએ બાંધ્યો છે. તેમાંના કેટલાક સંતો તો જંગમ વિદ્યાપીઠ જેવા હતા. "સાધુ તો ચલતા ભલા" એ ઉક્તિ અનુસાર તેઓ જગતના ખૂણે ખૂણે વિચરણ કરતા રહ્યાં. સંપ્રદાય કે વાડાબંધીથી પર રહીને તેઓએ ધર્મનું વિશાળ અર્થમાં દર્શન કર્યું અને જનસમુદાયને તેનું દર્શન કરાવ્યું. અનેક સ્થાપિત હિતો – સામાજિક કુરિવાજો સામે જીવનભર આ સંતો ઝઝૂમતા રહ્યાં. પાખંડ સામે અસંમતિનો શંખનાદ કરનાર સ્વામી દયાનંદ સરસ્વતી કે વિશ્વને પોતાની પ્રતિભા અને જ્ઞાનથી પ્રભાવિત કરનાર સ્વામી વિવેકાનંદ પણ આવા વિરલ સન્યાસીઓ હતા. ભિક્ષુ અખંડાનંદે ટાંચા સાધનો સાથે પણ સારા વાચનની સ્થાયી વ્યવસ્થાનું માળખું ગોઠવીને જ્ઞાનની જ્યોત પ્રગટાવી. મુનિ સંતબાલજી ભાલના તરસ્યા ગામડાઓની તરસને તૃપ્ત કરવા સતત કાર્યરત રહ્યાં. સંત મોટાએ સમાજમાં જ્ઞાન વૃધ્ધિ થાય તે માટેના દરેક કાર્યનું સમર્થન કર્યુ. આવા અનેક સન્યાસીઓએ પોતાના સન્યાસ જીવનના માધ્યમથી સમગ્ર સમાજને ઉજળો તથા લાભાન્વીત કરેલો છે. સ્વામીદાદા પણ આ ઉજળી સંત પરંપરાની એક ગૌરવયુક્ત કડી સમાન હતા.

સ્વામીદાદાને જ્યારે પણ મળવાનું થાય ત્યારે તેઓ પાસેથી નૂતન દ્રષ્ટિ મળતી હતી. (સનાતનો નિત્યનૂતનઃ) એ વાત સુપ્રસિધ્ધ ફોટોગ્રાફર તથા વિચારક શ્રી અશ્વિન મહેતાએ લખી છે. અશ્વિનભાઈ લખે છે કે જગત અને જીવનના સમ્યક્ જ્ઞાનનું દર્શન સ્વામીને મળીને થતું હતું. અહમ્ કે પોકળપણાનો સદંતર અભાવ સ્વામીદાદાના વ્યક્તિત્વમાં જોવા મળે છે. રામકૃષ્ણ દેવની પણ અનેક વાતો સ્વામીદાદા પાસેથી સાંભળવા મળતી હતી. જીવનભર "આ મારું.. આ મારું" નું રટણ કરનાર માનવના સંદર્ભમાં તેઓ એક શ્લોક હમેશા ટાંકતા અને સમજાવતા રહેતા હતા.

અશનં મે વસનં મે
ભાર્યા ચ મે બંધુવર્ગ મે
ઈતિ મે મે કુર્વાર્ણમ્
વૃકો ભક્ષતિ નરાજમ્ !!

અણિશુધ્ધ મુદ્રણની પરિપાટી સ્વામીદાદાએ પાડી જેની અસર 'નવજીવન' ના પ્રકાશનો પર સતત રહેવા પામી. ગાંધીજીએ લખ્યું હતું કે "જો મને સ્વામી આનંદની અથાક કાર્યશક્તિ તથા સૂઝસમજનો લાભ ન મળ્યો હોત તો 'નવજીવન' ની જવાબદારી ઉપાડવાની મેં ના પાડી હોત." ગાંધીજીને આત્મકથા લખવા માટે પણ સ્વામીદાદાએ સતત આગ્રહ કર્યો હતો જે જાણીતી વાત છે. સ્વામીદાદા જેવા સમર્થ સન્યાસીને ફરી યાદ કરી આપણી ઉજળી તથા ભાતીગળ સંત પરંપરાને નમન કરવાનો આ અવસર છે.

# ગાંધીનગર સાહિત્યસભામાં 'સર્જકની કૅફિયત' અંતર્ગત વિચારયાત્રાની વાટે....




ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, ગરવી ગુજરાતના પનોતા ગુજરાતી સાહિત્યને હરદમ ધડકતું અને ધબકતું રાખવા યોજાતા કાર્યક્રમો પૈકીના 'સર્જકની કૅફિયત' કાર્યક્રમ અંતર્ગત; ગાંધીનગરના લોકપ્રિય દૈનિક ગાંધીનગર સમાચારના યુવાસર્જક કોલમીસ્ટ ડૉ. જય ઉમેશભાઈ ઓઝા કે જેઓની કૉલમ 'વિચારયાત્રા' અન્વયેનાં પાંચ પુસ્તકો (૧) અંતરયાત્રા (૨) ચિંતનયાત્રા (૩) સંબંધયાત્રા (૪) વિકાસયાત્રા (૫) જીવનયાદ્દાનું તાજેતરમાં વિમોચન અને લોકાર્પણ થયેલ છે, તેઓની સાહિત્યિક સર્જનયાત્રા અને વકતવ્યનો કાર્યક્રમ તા. ૮-૧-૧૭ને રવિવારના રોજ, નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧ ખાતે સિનિયર સિટીઝન્સના કાર્યાલયમાં તેઓની સદ્ભાવનાથી, પ્રમુખ ભરત કવિના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો.

સને ૨૦૦૬ના ફેબ્રુઆરી માસથી 'વિચારયાત્રા' કૉલમની શરુઆત થઈ. મારા જીવનમાં બે જીવન જીવવાનો - મારું સંસારિક જીવન અને વ્યથાનાં વિતકને શબ્દદેહ આપવાનું જીવન - એ બે જીવનનો અનુભવ છે તે મારા માટે એક મોંઘી 'જણસ' છે. એકલતાને દૂર કરવા અને અનુભવ, વ્યથા, વેદનાને બીજે પહોંચાડવા શબ્દદેહ આપું છું. સને ૨૦૧૦માં મારા મોટાભાઈનું અવસાન થતાં, મારી અંતરયાત્રાને અને ચેતનયાત્રાને વિચારયાત્રાએ જગાડી. ભગવાન સાથે ઝઘડારૂપે ઠપકાભર્યું મેં લખ્યું છે, વલોપાતની ક્ષણોને કારણે. ચંદ્રકાન્ત બક્ષીએ કહ્યું છે કે, 'લખે છે ત્યારે લેખક હોતો નથી, તે વંચાય છે ત્યારે લેખક બને છે.' તે મુજબ મારા લખામ પછી મને જયારે પત્રદ્વારા, વોટ્સ એપ દ્વારા કે ફોન દ્વારા પ્રતિબાવો મળે છે ત્યારે મને સંતોષ થાય છે કે હું કંઈક લખું છું તે સાર્થક છે. સને ૨૦૦૮માં એક વડીલનો ફોન આવ્યો - તમે લખો છો સારું. મજા આવે છે - મળવા આવી શકો? સેકટર-૨૨માં ગયો. એક વૃદ્ધે બારણું ખોલ્યું. પૂછ્યું : શું કામ છે? મેં કહ્યું તમે મને બોલાવ્યો હતો તે 'હું જય ઓઝા.' શું તમે જ? કહી બધા એકબીજા સામે જોઈ ખડખડાટ હસવા લાગ્યા અને કહ્યું, 'અમે તો સમજયા કે અમારા જેવા (વૃદ્ધ) હશે!' આમ વિચારયાત્રામાં પરગણ થવાની હું મને મળ્યો - જે પ્રાપ્ત થયું તે દ્વિગુણભાવે સમાજને પરત આપું તેવી મારી મહેચ્છા છે.' આમ કહી તેમને ઘણા બધા અનુભવોની વાતો કરીને વેદના છાલવી કે શૈશવને ગ્લોબલાઈઝેશનની હવા લાગી છે. બાલકોની ઉછળકૂટ, વીડિયોગેમ્સ સાથે ફક્ત સોફા પૂરતી સીમિત થઈ ગઈ છે. મેદાની રમતો બંધ થઈ છે અને બાળપણ ગાયબ થઈ ગયું છે. તહેવારો રહ્યા નથી અને ઉત્સાહ અને ઉલ્લાસ ઓસરતો જાય છે. પરિવાર અલગ થતાં દાદીમાની વાતો વિસરાઈ ગઈ છે અને દાદીમાનો ખોળો ગુમાવી બાળક 'બાપડું' બન્યું છે' તેમને અનુભવો વર્ણવતા જણાવ્યું કે : 'વિચારયાત્રા' એ મારી નહીં, પરંતુ સહુની યાત્રા છે, કારણ કે આપણે સર્વેએ આ વ્યથા અને વેદનાઓ, વલોપાત અનુવ્યાં છે, મેં તો ફક્ત અક્ષરદેહથી વાચા આપી છે.' જય ઓઝાના 'વિચારયાત્રા' અવિરત ચાલતી રહે તેવી શુભેચ્છાઓ ઉપસ્થિત સર્વેએ તેમને આપી હતી.

● 'સંસ્કાર ભારતી' દ્વારા કલાદર્શન એવં સંસ્કાર પુરસ્કાર વિતરણ સમારોહ

ભારતીય કલા-સંસ્કૃતિના ઉત્થાન, પોષણ અને સંવર્ધન માટે સંસ્કાર ભારતી અવિરત પ્રયત્નશીલ છે. સંસ્કાર ભારતી - ગુજરાત પ્રાંત દ્વારા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી મહામહિમ રાજયપાલ ઓમપ્રકાશ કોહલીજીના અધ્યક્ષપણા હેઠલ અને સંસ્કાર ભારતીના અખિલ ભારતીય સંગઠન મંત્રી ગણેશ પંત રોડેજીના મુખ્ય અતિથિપદે અને રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના જયંતિભાઈ ભાડેશિયાની વિશેષ ઉપસ્થિતિમાં તથા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશભાઈ ગઢવીના અતિથિપદે, ગુજરાત રાજયના વિવિધ ક્ષેત્રના શ્રેષ્ઠત્તમ કલાકારોના સંસ્કારો પુરસ્કાર - સન્માન સમારોહ અને કલાદર્શન કાર્યક્રમમાં મેડિકલ કૉલેજ ઓડિટોરીયમ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, ગાંધીનગર ખાતે ઊજવાઈ ગયો. જેમાં સૌપ્રથમ સંસ્કારગાન બાદ દીપપ્રાગ્ટ્ય કરવામાં આવ્યું. શાબ્દિક સ્વાગત ડૉ. રાજુજી પરમાર, અધ્યક્ષ સંસ્કાર ભારતીએ કર્યું અને તેમણે મહામહિમ રાજયપાલનું તુલસીનો છોડ આપી સ્વાગત કર્યું. અને શાલ ઓઢાડી સન્માન કર્યું. ત્યારબાદ મહેમાનોનું ઓજસભાઈ હિરાણી, નીતિનભાઈ, ડૉ. રાજન ચૌહાણ દ્વારા તુલસીનો છોડ અને શાલ અર્પી સ્વાગત - સન્માન કરવામાં આવ્યું. ભીખુદાન ગઢવીને લોકસંગીત માટે (૨) પરાજિત પટેલને લેખન સાહિત્ય માટે) (૩) જયદેવ ભોજકને સંગીત માટે (૪) નયનેશ જાનીને સુગમ સંગીત માટે (૫) ધમશી શાહને નૃત્ય માટે (૬) વિનોદ જોશીને સાહિત્ય માટે (૭) જોરાવરસિંહ જાદવને - લોકકલા - સાહિત્ય માટે (૮) અન્નપૂર્ણા શુક્લને અભિનય/નાટક માટે (૯) નીરજ પરીખને શાસ્ત્રીય સંગીત માટે (૧૦) કનુભાઈ પટેલને ચિત્રકલા માટે (૧૧) ભરત બારીયાને નૃત્ય માટે (૧૨) રમણીકભાઈ ઝાંપડીયાને ચિત્રકલા માટે (૧૩) કપિલદેવ શુક્લને નાટ્ય માટે (૧૪) કવિદાદને લોકસાહિત્ય માટે (૧૫) રાણાભાઈ શીદાભાઈને લોકનૃત્ય માટે (૧૬) હેમંતભાઈ ચૌહાણને ભજનિક તરીકે (૧૭) ધીરુભાઈ સરવૈયાને લોકસાહિત્ય માટે (૧૮) છગનભાઈ પટેલને ચિત્રકલા માટે (૧૯) નવીન સોનીને ચિત્રકલા માટે અને નયન રાણાને - નાટક માટે સંસ્કાર પુરસ્કાર - ૨૦૧૬ - રૂા. પાંચ હજાર, શાલ અને સ્મૃતિચિહ્નથી સન્માનિત કરવામાં આવ્યા. ત્યારબાદ નટરાજ સ્તુતિ રાસ, લોકગીતો, પરંપરાગત ગરબો, ગીત જેવા કલાદર્શનના વિવિધ કાર્યક્રમો થયા, ડૉ. રાજનભાઈ ચૌહાણ દ્વારા આભારદર્શન કરવામાં આવ્યું.

-muljibhaidadhi@gmail.com